# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૨૫/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં 'જીએસટી–રોડમેપ ટુ ૨૦૧૦ 'વિશે નેશનલ કોન્ફરન્સ યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને એસોચેમના સંયુકત ઉપક્રમે 'જીએસટી–રોડમેપ ટુ ૨૦૧૦'વિશે એક નેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના માનનીય ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ તથા અતિથિવિશેષ તરીકે સેન્ટ્રલ એકસાઈઝ કમિશ્નરશ્રી સુશિલ સોલંકી તથા કોમર્શીયલ ટેક્ષ કમિશ્નર, ગુજરાત શ્રી પી.કે. પુજારી ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આમંત્રિતોનું સ્વાગત કરી પોતાના આવકાર પ્રવચનમાં કહયું હતું કે, દેશભરમાં હાલ આડકતરા વેરા ક્ષેત્રે જીએસટી ના આગમનના પડઘમ વાગી રહયા છે ત્યારે વેપાર ઉદ્યોગના હિતોની હંમેશા ખેવના કરતુ ચેમ્બર એસોચેમ સામે સંયુકત પણે આ સેમિનારનું આયોજન કરવા પ્રેરાયુ છે. તેઓએ સેમિનારમાં પધારેલ રાજયના નાણા અને ઉદ્યોગમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, સીબીઈસીના કમિશ્નર શ્રી સુશીલ સોલંકી, એસોચેમના શ્રી નિહાલ કોઠારી, એસોચેમના ગુજરાતના કાઉન્સીલના ચેરપર્સન કુ. ભાગ્યેશ સોનેજી તથા મુંબઈ સ્થિત એડવોકેટ શ્રી શૈલેષ શેઠ, ફીયાસ્વીના ચેરમેન શ્રી અરૂણભાઈ જરીવાળા અને ડાયમંડ એસોસીએશનના પ્રમુખ શ્રી રોહિત મહેતાનું સ્વાગત કરતા જણાવ્યું હતુ કે, આ અતિમહત્વના પ્રસ્તાવિક કાયદાના વિવિધ પાસા પર તેઓને પ્રકાશ ફેકવા અનુરોધ કર્યો હતો. સેમિનારમાં બહોળી સંખ્યામાં હાજર રહેલ વેપાર જગતના અગ્રણીઓ તથા અન્યોનુ સ્વાગત કરતા પ્રમુખશ્રીએ ભારપૂર્વક ખાત્રી આપી હતી કે જીએસટી સબંધી કોઈપણ મુંઝવણ કે સમસ્યાના ઉકેલ માટે ચેમ્બર સરકાર સમક્ષ રજૂઆત કરવા હંમેશા અગ્રેસર રહેશે.

સેમિનારના મુખ્ય અતિથિ કમિશ્નરશ્રી સુશીલ સોલંકી જીએસટી રોડ મેપ–૨૦૧૦ બાબતે પાવરપોઈન્ટ રજૂઆત કરી હતી. શ્રી સોલંકીએ પ્રસ્તાવિક જીએસટી કર પ્રથાની પુર્વભૂમિકા વિષે સમજણ આપી હતી. તેઓએ જણાવ્યુ હતુ કે, જીએસટી કર માળખુ દ્વિ–સ્તરીય રહેશે, જેમાં એક સમાન ટેક્ષ બેઝ ઉપર કેન્દ્ર અને રાજય સરકાર વેરો લાદશે. તેઓએ માલ અને સેવાઓના આંતરરાજય વેચાણ સંબંધી રાજયોના નાણામંત્રીઓની બનેલી એમ્પાવર્ડ કમિટિએ સુચવેલ આઈજીએસટી વિષે વિગતે સમજણ આપી હતી. આ

ઉપરાંત વેપારીઓએ રજીસ્ટ્રેશન તથા ભરવાપાત્ર થતા રીટર્નસ અંગે કેવી કાર્યવાહી કરવી પડશે એ વિષે પણ પ્રાથમિક જાણકારી આપી હતી.તેઓએ સ્પષ્ટ કર્યુ હતુ કે જીએસટી હેઠળ વેપારીઓએ અલગ અલગ રજીસ્ટ્રેશન લેવાની કે પત્રકો ભરવાની પળોજણમાં મુકાવુ ન પડે તે માટે સરકાર સજાગપણે વિચાર કરી રહી છે.આ સિવાય જીએસટી ના અમલ સાથે સંકળાયેલી વિવિધ બાબતો વિષે સરકાર વ્યાપાર ઉદ્યોગના તથા ઉપભોકતાના મંતવ્યોને પણ ગંભીરતાથી ધ્યાનમાં લેશે.સુરત સાથે જોડાયેલા કાપડઉદ્યોગ તથા હીરા ઉદ્યોગ પર જીએસટીથી શી અસર પડવાની શકયતાની તેઓએ નોંધ લીધી હતી અને આ અંગે બન્ને ઉદ્યોગના પ્રતિનિધિઓને રજૂઆત કરવા અનુરોધ કર્યો હતો. તેઓએ પોતાના ભૂતકાળને યાદ કરીને સુરતમાં પોતે એકસાઈઝ કમિશ્નર તરીકે રહી ચૂકયા છે અને કાપડ ઉદ્યોગના વિવિધ પ્રશ્નો અંગે સુપેરે માહિતગાર છે એનો પણ ઉલ્લેખ કર્યો હતો.

એસોચેમના ગુજરાત કાઉન્સીલના ચેરપર્સન કુ. ભાગ્યેશ સોનેજીએ સેમિનારના સઘળા વકતાઓ તથા પધારેલ આમંત્રિતોનુ સ્વાગત કર્યુ હતુ અને જણાવ્યુ હતું કે, જીએસટી સંબંધી વેપાર ઉદ્યોગમાં જાગૃતતા કેળવવા માટે એસોચેમ મહત્વની ભૂમિકા ભજવી રહયું છે અને આ સંબંધી દેશના વિવિધ ભાગોમાં સેમિનારોનુ આયોજન કરી રહયું છે. તેઓએ કહયું હતુ કે, જીએસટી સ્વતંત્ર ભારતના આડકતરા વેરા ક્ષેત્રમાં સૌથી મહત્વનો માળખાગત ફેરફાર હોવાથી એસોચેમ આ સંદર્ભે અત્યંત ગંભીરતાપૂર્વક જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરી હયું છે.

ફીયાસ્વીના ચેરમેન શ્રી અરૂણભાઈ જરીવાળાએ ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે જીએસટી ના અમલથી શું અસરો થશે અને ખાસ કરીને સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલ ઉદ્યોગમાં તેનો અમલ ખૂબજ કઠીન હોવાથી સંપુર્ણ અભ્યાસ કર્યા બાદ અને વેપારી જગતને માહિતગાર કર્યા પછીજ કાનુનનો અમલ કરવો તેવુ ભારપૂર્વક જણાવ્યું હતું. તેઓએ કાપડ ઉદ્યોગમાં પેટ્રો કેમિકલ્સથી ગારમેન્ટ સુધીમાં વિવિધ નવ તબકકે થતી પ્રક્રિયા વિષે ટુકમાં માહિતી આપી કહયું હતુ કે, જીએસટી ના અમલ પહેલા આ વેરાની દરેક તબકકે શી અસર પડશે તેનો અભ્યાસ કરવો આવશ્યક છે. લાખો લોકોને રોજગારી આપતુ તથા ઈન્ફરમેશન ટેકનોલોજી પછી નિકાસથી દેશને વિદેશી હુંડીયામણ રળી આપવામાં દ્વિતીય સ્થાન ધરાવતા કાપડ ઉદ્યોગને જીએસટી માં આવરી લેતા પહેલા સઘળા પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ જરૂરી છે.

સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખ શ્રી રોહિત મહેતાએ સુરતના ડાયમંડ ઉદ્યોગ વિષે પ્રાથમિક માહિતી આપતા કહયું હતુ કે, આ ઉદ્યોગની વિશિષ્ટતા એ છે કે, એનો કાચો માલ એટલે કે રફ ડાયમંડની ૧૦૦% આયાત થાય છે, જયારે નિકાસ ૯૬% છે. આ સંજોગોમાં આયાત થતા માલ ઉપર જીએસટી ભરી તેની નિકાસ અન્ય રાજયમાંથી થશે ત્યારે રાજયને કોઈ ફાયદો રહેતો નથી. ઉદ્યોગ સાથે સંકળાયેલા ૧૦ લાખથી વધુ લોકોનો વિદ્યાભ્યાસ અપુરતો છે અને તેઓ કર વેરાની કાર્યવાહીથી માહિતગાર નથી. આવા સંજોગોમાં જીએસટી કાયદાની સફળતા જોવા જતા ડાયમંડ ઉદ્યોગ પડી ભાંગશે અને બેરોજગારી સર્જાશે. તેઓના મતે આ ઉદ્યોગ હાલ ગુજરાતમાં વેરા મુકત છે અને જીએસટી થી એના પરનું કોઈપણ કર ભારણ ઉદ્યોગ માટે મૃત્યુઘંટ વગાડશે.

મુંબઈથી આ સેમિનારમાં ખાસ પધારેલ આડકતરા વેરાના નિષ્ણાત એડવોકેટ શ્રી શૈલેષ શેઠ કે જેઓ 'વ્યાપાર' ના જાણીતા કટાર લેખક પણ છે તેઓએ પ્રસ્તાવિક જીએસટીના માળખા સંબંધી એમ્પાવર્ડ કમિટિની ભલામણો તથા ૧૩ માં નાણા પંચે નિમેલા ટાસ્કફોર્સ ની ભલામણોની સમાલોચના કરતા જણાવ્યું હતુ કે, બન્નેની મુખ્ય ભલામણોમાં રહેલો ભેદ ગંભીર છે. જેમ કે, કમિટિએ અલગ અલગ વેરાના દરની હિમાયત કરી છે જયારે ટાસ્કફોર્સે કેવળ ૧૨% ના એકજ દરની ભલામણ કરી છે. તેઓએ જણાવ્યું હતુ કે, જીએસટીનો એકજ દર આવકારપાત્ર હોય તો પણ વર્તમાન સંજોગોમાં આ વ્યવહારીક નથી. ખાસ કરીને જયારે દેશની પ્રજાનો મોટો ભાગ ગરીબીની રેખા નીચે જીવતો હોય કે એક ટંકનું ભોજન પણ માંડ મેળવતો હોય ત્યારે જીએસટી ના સમાન દરની અત્યંત ગંભીર અસર પડી શકે છે. તેઓએ કમિટિ તથા ટાસ્કફોર્સ બન્ને જે

દ્વિસ્તરીય જીએસટી ના કર માળખાની ભલામણ કરી છે એનો ઉલ્લેખ કરતા કહયું હતું કે હાલ કેનેડા અને બ્રાઝીલમાં આ પ્રકારે દ્વિસ્તરીય કર પ્રથા અમલી છે પરંતુ બ્રાઝીલ જયાં કર વેરાની સમગ્ર પ્રક્રિયામાં અંધાધુંધી પ્રવર્તે છે અને ભ્રષ્ટાચારનુ પ્રમાણ ભયજનક છે એને અનુસરવામાં સાર નથી. જીએસટી સંબંધી અમુક મુખ્ય મુદાઓને તેઓએ માળખાગત ઈશ્યુ, અમલીકરણ ના ઈશ્યુ અને જીએસટી ની અસર એમ ત્રણ ભાગમાં વહેંચીને એની વિગતે છણાવટ કરી હતી. તેઓએ ટાસ્કફોર્સે જેની ભલામણ કરી છે એ જમીન તથા રિયલ એસ્ટેટ ક્ષેત્રને જીએસટી માં સમાવી લેવા જોઈએ કે નહી તેની ચર્ચા પણ કરી હતી. ટાસ્કફોર્સે ખેતી પેદાશોને એટલે કે ફુડને જીએસટી માં આવરી લેવાની જે ભલામણ કરી છે એની આકરી ટીકા કરી હતી. આ સમગ્ર ભલામણ કેવળ અવ્યવહારૂ જ નહી પણ આ ક્ષેત્રે પ્રવર્તતી વાસ્તવિક પરિસ્થિતીનું અજ્ઞાનપણ દર્શાવે છે એમ તેઓએ કહયુ હતું. અંતમાં તેઓએ કહયુ હતુ કે જીએસટી ના કારણે ચીજ વસ્તુઓના ભાવમાં ઘટાડો આવશે એવી ભ્રમણામાં રહેવાનો કોઈ સાર નથી. વળી, જો જીએસટી ના કારણે કેન્દ્ર અને રાજય સરકારની આવકમાં વધારો થવાનો હોય તથા વેપાર ઉદ્યોગને પણ ફાયદો થવાનો હોય તો એનો ભાર ઉપભોકતાને શિરે આવવાની ભારોભાર શકયતા છે એમ તેઓએ જણાવ્યુ હતુ. જીએસટીના કારણે કાળા નાણાના વ્યવહારો પર પણ અંકુશ આવશે એ આશા વધારે પડતી છે તેવુ મંતવ્ય તેમણે વ્યકત કર્યુ હતું.

સેમિનારના મુખ્ય મહેમાન ગુજરાત રાજયના નાણા અને ઉદ્યોગમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે પોતાની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું હતું કે, જીએસટીનો તાત્કાલીક અમલ શકય નથી અને આ મુદે તેના વિવિધ કારણો પણ જણાવ્યા હતા. તેઓએ કહયું હતું કે, રાજય સરકારને કેવળ વેપાર ઉદ્યોગના જ હિતની નહી પણ એની પાંચ કરોડની સામાન્ય પ્રજાના હિતની પણ ખેવના છે અને આ સામાન્ય પ્રજાજન જીએસટી ના કારણે આર્થિક બોજનો ભોગ ન બને એ જોવાની રાજય સરકારની આગવી ફરજ છે અને તેથી એમ્પાવર્ડ કમિટિની સઘળી કાર્યવાહીમાં ગુજરાત સરકાર હંમેશા સક્રિયપણે અને સજાગપણે રજૂઆત કરી રહી છે. જીએસટી ના કારણે રાજય સરકારના પરંપરાગત આવકસ્ત્રોત એટલે કે વેટમાં જો ઘટાડો થાય અને એનુ યોગ્યરીતે તથા યોગ્ય સમયે વળતર ન મળે તો રાજયના વિવિધ વિકાસ કાર્યોને ગંભીર તથા માઠી અસર થાય એ બાબતથી રાજય સરકાર વાકેફ છે અને તેથી આ મુદે કોઈપણ પ્રકારે સમાધાન ન કરવાની તેઓએ ખાત્રી આપી હતી. બંધારણ હેઠળ અમુક પ્રકારના કર ઉઘરાવવાની રાજયોને જે સ્વાયતતા આપવામાં આવી છે એ અંગે રાજયના વિકાસના ભોગે કોઈ બાંધછોડ નહી કરવામાં આવે તેનો તેઓએ ભારપુર્વક ઉચ્ચાર કર્યો હતો. વેટના અમલ સમયે રાજય સરકારે વેપાર ઉદ્યોગ સાથે સતત વિચાર વિમર્શ કરી અને કાયદાની કલમોમાં રહેલી ત્રુટીઓ તથા વિસંગતીઓ દુર કરવા જે પ્રયાસ કર્યા હતા એજ પ્રમાણે જીએસટી ના અમલ પૂર્વે પણ રાજય સરકાર કેવળ વેપાર ઉદ્યોગ જ નહી પણ સામાન્ય નાગરીકના હિતને પણ ધ્યાનમાં રાખી, લાગતા વળગતા સઘળા સંગઠનો સાથે સક્રિયપણે ચર્ચા કરશે એવી બાંહેધરી તેઓએ ખેલદીલીપૂર્વક આપી હતી. જીએસટી ના કાયદાનો અચાનક અને આડેધડ અમલ નહી કરવા દેવામાં આવે તેનો તેઓએ ભારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે એસોચેમના શ્રી નિહાલ કોઠારીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિત્વ કરવામાં એસોચેમ જે અગ્રણી ભૂમિકા ભજવી રહયુ છે તેનો ઉલ્લેખ કર્યો હતો.

કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.